પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર,
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલરૂમ ફેક્સ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail :cp-spl-vad@gujarat.gov.in


# જાહેરનામું

**ક્રમાક- જી/સીપી/વિ.શા./મ.ન.પા/ચૂંટણી/ ૫૮૬૫ /૨૦૨૧,** **તા.૩૧/૧/૨૦૨૧**

## ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ (૧) (બી) અન્વયે કાઢેલો હુકમ.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા તથા તાલુકા/ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ નો કાર્યક્રમ પરિપત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૭)-૦૧૨૦૨૧-ક તા.૨૩/૦૧/૨૦૨૧થી જાહેર કરેલ છે તે મુજબ વડોદરા શહેરમાં મહાનગરપાલિકાની મતદાનની તા.૨૧/૦૨/૨૦૨૧ તેમજ મત ગણતરીની તા.૨૩/૦૨/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે. તથા તાલુકા/ જિલ્લા પંચાયત ની મતદાનની તા.૨૮/૦૨/૨૦૨૧ તેમજ મત ગણતરીની તા.૦૨/૦૩/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે.

મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ દરમ્યાન ચુંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો, ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક જ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થઈ શકે અને ટ્રાફીકને અડચણ ઉભી થતી હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતા સર્વે પ્રકારના વાહનો /ગાડીઓ તથા સવાર થઈને જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારાઓને અગવડ ઉભી થવા સંભવ છે. તેમજ જાહેર સુલેહ શાંતિ જોખમાય તેમ હોય જેથી આ માટે જાહેર હિતમાં જરૂરી નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું ડો.શમશેર સિંઘ, (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ધી ગુજરાત પોલીસ અધિનિયમ. ૧૯૫૧ની કલમ–૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ, વડોદરા શહેર પોલીસ કમિશ્નરના હકુમત હેઠળના વિસ્તારમાં યોજનાર મહાનગરપાલિકા તેમજ જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી હેઠળના વિસ્તાર માટે હુકમ કરૂ છું કે,

(૧) કોઈપણ રાજકીય પક્ષો, હરીફ ઉમેદવારો કે તેમના ટેકેદારો ચુંટણીના કામે ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ અમલમાં હોય તેવા આદેશોને આધિન વાહનોનો કાફલો દર પાંચ વાહન પછી છૂટો પાડવાનો રહેશે. (સુરક્ષા વાહનોને બાદ કરતાં)

(૨) આ વાહનોના બે કાફલા વચ્ચે ૧૦૦ મીટરના અંતરના બદલે અડધો કલાકનો અંતરાલ રાખવાનો રહેશે.

(૩) ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૨ માં વાહનની વ્યાખ્યા કર્યા મુજબના વાહનોને ઉપરોકત પ્રતિબંધ લાગુ પડશે.

કોવિડ-૧૯ અન્વયે ગૃહ મંત્રાલય તથા ગૃહ વિભાગ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ તથા બહાર પાડવામાં આવનાર વખતો- વખતની ગાઈડ લાઈનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**આ હુકમ નીચેના વાહનો ને લાગુ પડશે નહી.**

(૧) ચુંટણીના કામે જતા સરકારી વાહનોને, સક્ષમ અધિકારી ધ્વારા ચુંટણીના કામે સંપાદન કરેલા વાહનોને, પોલીસ વાહનોને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ–૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

**<u>અમલવારીનો સમય</u>**

**આ હુકમ તા.૦૧/૦૨/૨૦૨૧ થી તા.૧૫/૦૨/૨૦૨૧ સુધી અમલમાં રહેશે.**

**<u>અમલવારીનો વિસ્તાર</u>**

**વડોદરા શહેર પોલીસ કમિશ્નરના હકુમત હેઠળના વિસ્તારમાં યોજનાર મહાનગરપાલિકા તેમજ જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી હેઠળના વિસ્તારમાં,**

**<u>::-વિજ્ઞપ્તિ -::</u>**

**હું આથી આદેશ આપું છું કે ,આ હુકમની નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવી ,તેમજ આકાશવાણી અને દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી.**

**આજ તા.૩૧/૧/૨૦૨૧ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.**

(ડો.શમશેર સિંઘ)
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

**પ્રતિ,**

**(૧) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રીઓ**(નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ.)

**(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ**

**(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો ધ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ**

**(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.**

**<u>જયભારતસહ નકલ રવાના :–</u>**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૪) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી કલેકટરશ્રીની કચેરી, વડોદરા શહેર,વડોદરા.
(૫) ચૂંટણી આચારસંહિતા અમલીકરણ અધિકારીશ્રી, તથા નોડલ અધિકારીશ્રીઓ
(૬) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૮) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૯) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૦) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૧) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૨) પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.,વડોદરા.
(૧૩) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૪) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, વડોદરા.(ગેઝેટ ભાગ–૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારુ).
(૧૫) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.
(૧૬) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૭) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૮) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/– સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.**